# આઈઆઈટીઈની ગર્લ્સ કેડેટ્સ દ્વારા એનસીસી ટ્રેકિંગ કેમ્પનું પ્રતિનિધિત્વ

ગાંધીનગર, તા. ૫

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન (યુનિ)ની ગાંધીનગરની ૩ ગર્લ્સ કેડેટસ સવિતાકુમારી ચોરલિયા, રીયલ ચૌધરી તથા જેયલ પટેલ રાષ્ટ્રીય કક્ષાના એન.સી.સી.ના પ્રસિધ્ધ નીલગીરી ટ્રેકિંગ કેમ્પ(ઉટીસ તમિલનાડુ)માં પસંદગી પામેલ છે. આ ટ્રેકિંગ કેમ્પમાં સફળતાપૂર્વક ભાગ લઈ તાજેતરમાં પરત આવેલ છે. તેમની આ સિદ્ધિ માટે યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર ડૉ. કમલેશ જોશીપુરા, રજીસ્ટ્રાર બિપીનભાઈ ભટ્ટ, એનસીસી એ મેન.ઓ. એફ. ડૉ. માધવી ઉપાધ્યાયે અભિનંદન પાઠવ્યા છે.

# સામાન્ય પરિવારની દિપીકાને ‘અફસર બિટીયા’ બનવાની ખેવના

## ધોરણ-૧૦માં ૭૪ ટકા મેળવનાર દિપીકા ચોકીદાર પિતાને કામમાં પણ મદદ કરે છે

ગાંધીનગર, તા.૫

સે-૧૬માં મજુરી કામ કરતા શ્રમિક પરિવારની પુત્રીએ વિપરીત સંજોગોમાં પણ અભ્યાસમાં મન પરોવી ધો-૧૦માં ૭૪ ટકા ગુણ પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરું પાડયું છે. સે-૧૬ સ્થિત બ્રહ્મભવનમાં ચોકીદાર પિતાની સાથે કામમાં ખભો મિલાવી તેજસ્વી વિદ્યાર્થીની તરીકે પણ પોતાનું આગવું સ્થાન જાળવી રાખ્યું છે. ધો-૧૦માં ઉજજવળ પરિણામ પ્રાપ્ત કર્યા બાદ આગળ અભ્યાસ કરીને દિપીકા સરકારી અફસર બનવાની ખેવના ધરાવે છે.

ધો-૧૦માં ૭૫ ટકા ગુણ પ્રાપ્ત કરી આગળ મોટા અફસર થવાનો હાંસલો ધરાવતી દિપીકા સે-૨૩ સ્થિત આર.જી. કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની છે. તેણીના પિતા સોહનલાલ સે-૧૬ સ્થિત બ્રહ્મભવનના નિર્માણકાર્ય વેળાએ ચોકીદારની ફરજ અદા કરી રહ્યા છે. મજુરી કરી પેટીયું રળતા સામાન્ય પરિવારની પુત્રી દિપીકા તેજસ્વી પરિણામ બદલ બ્રહ્મસમાજના આગેવાનો સહિત બ્રહ્મભવનના આર્કીટેકટ મિલન પુરોહીતનો વિશેષ આભાર માને છે. ટયુશન અને શાળાના શૈક્ષણિક સમય ઉપરાંત બ્રહ્મભવન નજીકની છાપરીમાં રહેતા આ પરિવારના સભ્યો દિપીકાના પરિણામનો શ્રેય સમાજના શિરે ધરે છે. અભ્યાસની સાથે ઘર આંગણે યોજાતા બ્રહ્મસમાજના પ્રસંગો અને ભવન નિર્માણના કાર્યમાં પિતાને જરુર પૂરતી મદદ કરતી દિપીકા કેટલા કલાક અભ્યાસ કર્યો તેની તકેદારી રાખી ભવનના આર્કીટેકટ ઘણીવાર તેને ટકોર કરી ભણવા પણ બેસાડી દેતા હતા. દુવિધાઓ વચ્ચેથી માર્ગ કાઢી અભ્યાસમાં મન લગાવતી તેજસ્વીનીને બ્રહ્મ સમાજના આગેવાનો તરફથી પણ સતત પ્રોત્સાહક બળ પુરું પાડવામાં આવતું હતું. સમાજના અગ્રણીઓના મતે મહેનતુ અને હોંશિયાર દિપીકાનું સ્થાન ટોપર્સમાં મોખરે છે. આગળ અભ્યાસ કરી સરકારી અફસર બનવા માંગતી દિપીકાને ગીતો સાંભળવા સિવાય વિશેષ કાંઈ શોખ નથી પરંતુ તેણીની માતા ઈન્દુબેન અને પિતા સોહનબાબુનું સ્વપ્ન સાકાર કરવું છે. આગળ કોમર્સ લાઈનમાં અભ્યાસ કરી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવી છે.

# ગુજરાતે સંયુક્ત -વેશ પરીક્ષામાં સશર્ત જોડાવાના સંકેતો આપ્યા

ગાંધીનગર, તા. ૫

રાઈટ ટુ એજ્યુકેશન, કાનૂનના અમલીકરણ માટેનો નાણાકીય બોજો રાજયો સાથે કેન્દ્ર સરકારે પણ સમાન રીતે વહન કરવો જોઈએ: શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરા


વિવિધ ઈજનેરી અભ્યાસક્રમોમાં -વેશ માટે સંયુક્ત -વેશ પરીક્ષા (જોઈંટ એંટ્રન્સ એકઝામ) યોજવાની ભારત સરકારની પહેલને આવકારતાં ગુજરાત સરકારે આ વ્યવસ્થાની અંદર તમામ આઈ.આઈ.ટી. અને અન્ય કેન્દ્રીય ટેકનિકલ સંસ્થાઓને આવરી લેવાની અને આ અંગેનાં -પત્રો ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ કરાવવાની માંગણી કરી છે.

શ્રી કપિલ સિબ્બલની અધ્યક્ષતા હેઠળ રાજયોના શિક્ષણમંત્રીઓની પરિષદ અને કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડની અત્રે આયોજિત બેઠકને સંબોધતાં ગુજરાતના શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાએ કહ્યું કે જયારે તમામ આઈ.આઈ.ટી.સંસ્થાઓને સંયુક્ત -વેશ પરીક્ષા (જોઈંટ એંટ્રન્સ એકઝામ) ની વ્યવસ્થા નીચે આવરી લેવાયા પછી જ ગુજરાત માનવ સંસાધન વિકાસ મંત્રાલયને સહકાર આપશે. એમણે કહ્યું કે મીડિયામાં -દર્શિત થયેલા અહેવાલો મુજબ કેટલીક આઈ.આઈ.ટી.સંસ્થાઓ આ પહેલનો વિરોધ કરી રહી છે. જો આ આઈ.આઈ.ટી.સંસ્થાઓને સંયુક્ત -વેશ પરીક્ષા (જોઈંટ એંટ્રન્સ એકઝામ) નો ભાગ ન બને તો રાજય સરકાર માટે સંયુક્ત -વેશ પરીક્ષા (જોઈંટ એંટ્રન્સ એકઝામ) માં જોડાવાનું કોઈ કારણ નથી. એમણે વિશેષ ઉમેર્યુ હતું કે જો આઈ.આઈ.ટી.સંસ્થાઓને સંયુક્ત -વેશ પરીક્ષા (જોઈંટ એંટ્રન્સ એકઝામ) નો ભાગ ન બને તો વિવિધ -વેશ પરીક્ષાઓ નાબૂદ કરવાનો હેતુ માર્યો જશે.

ગુજરાતના શિક્ષણમંત્રીશ્રી એ વધુમાં ઉમેર્યુ હતું કે આ સંસ્થાઓમાં -વેશ માટે ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના ગુણ ઉમેરવાના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના નિર્ણયનું પણ અમે સમર્થન કરીએ છીએ. અમારૂં માનવું છે કે આનાથી આઈઆઈટીમાં -વેશ માટે -દેશિક અસંતુલન અને શહેરી પક્ષપાત નાબૂદ થશે. રાજય સ્તરની સંસ્થાઓમાં પસંદગી -ક્રિયા માટે ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના ગુણ ઉમેરવા અંગે રાજય સરકારો નિર્ણય લેશે, જે કોઈ પણ સંજોગોમાં ૪૦ૅ થી ઓછું નહી હોય.

વર્તમાનમાં કેન્દ્ર સરકાર માત્ર ટોપ અપ (વધારાનો) ખર્ચ ભોગવે છે, અત્યારે -થમિક શિક્ષણના અમલ માટે રાજય સરકારો લગભગ ૮પૅ ખર્ચ ભોગવે છે જયારે કેન્દ્ર સરકાર આ અંગે માત્ર ૧પૅ ખર્ચ પણ ભોગવે છે.

## એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલનું ગૌરવ



ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં કડી કેમ્પસ ખાતે આવેલ એમ.બી. પટેલ ઈંગ્લિશ મીડીયમ હાઈસ્કુલની વિદ્યાર્થીની કુ. યજ્ઞા આનંદ ઓઝાએ એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૯.૬ ટકા સાથે ઉર્તીણ થઈ શાળાનું ગૌરવ વધાર્યું છે. કુ. યજ્ઞાએ ગણિતમાં ૧૦૦ તેમજ વિજ્ઞાનમાં ૯૪ અને સમાજશાસ્ત્રમાં ૯૭ માર્કસ મેળવ્યા છે. કુ. યજ્ઞાને શાળા પરિવારે શુભેચ્છા પાઠવી છે.

# સૂર્યનું સંક્રમણ નિહાળવા ગાંધીનગરમાં ખાસ વ્યવસ્થા


## અરવિંદ કેન્દ્ર અને નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સવારે ખગોળીય ઘટના જોઈ શકાશે

ગાંધીનગર, તા. ૫

વર્તમાન સદીનું છેલ્લું શુક્ર અધિક્રમણ નિહાળવા દેશવાસીઓની સાથે ગાંધીનગરવાસીઓ પણ ખાસ્સા ઉત્સુક દેખાઈ રહ્યા છે, જેઓ સલામત રીતે અને વૈજ્ઞાનિક સમજ સાથે લઆ અધિક્રમણ જોઈ શકે તેવી વ્યવસ્થા ગાંધીનગર શહેરમાં બે સંસ્થાઓ દ્વારા ગોઠવવામાં આવી છે.

શુક્રના સંક્રમણ તરીકે ઓળખાતી આ ઘટના નિહાળવા માટે સૅક્ટર-૨૩માં શ્રી અરવિંદ કૅન્દ્ર ખાતે બુધવારે સવારે ૮.૩૦ થી ૧૦ વાગ્યા સુધી વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગેની વધુ માહિતી માટે મોબાઈલ નં. ૯૯૨૪૩૧૫૧૧૩ નો સંપર્ક કરી શકાય છે. નગરમાં વિજ્ઞાનની પ્રવૃત્તિઓમાં અગ્રેસર સંસ્થા નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા પણ આ ખગોળીય ઘટના નિહાળવા વ્યવસ્થા કરવામાં આવી છે. બ્લૉક નં. ૬૧/૧, ‘ઘ’ ટાઈપ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે સવારે ૭ થી ૧૦ દરમિયાન ટેલિસ્કોપના માધ્યમથી આ ઘટના જોવાની વ્યવસ્થા કરવામાં આવી છે. સેન્ટર ખાતે ત્રણ ટેલિસ્કોપ મુકવામાં આવશે અને તેના દ્વારા રસ ધરાવનાર લોકોને ખગોળીય ઘટના જોવા મળી શકશે. આ સત્ય ઘટનાની વૈજ્ઞાનિક રીતે સમજણ આપવામાં આવશે. આ ઉપરાંત શુક્ર સંક્રમણની ફિલ્મ પણ દેખાડવામાં આવશે. ગાંધીનગરની ખગોળપ્રેમી જનતાને આ ખગોળીય ઘટના નિહાળવા માટે સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવેલ છે.

# પ્રાઈડ ઓફ ગુજરાતની ફોટો કૃતિઓનું પ્રદર્શન



ગાંધીનગર, તા. ૫

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી- અમદાવાદ દ્વારા પ્રાઈડ ઓફ ગુજરાત વિષયની ૧૫મી નેશનલ ફોટોગ્રાફી પ્રદર્શનની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માટે દેશમાંથી ૧૦૬ તસ્વીરકારોની ૪૬૮ કલર, ૨૩૮ બ્લેક એન્ડ વાઈટ તસ્વીકો સ્પર્ધા માટે મળી હતી. જેમાં અમદાવાદના જાણીતા તસ્વીરકારોમાં કલ્યાણભાઈ શાહ, મુકેશભાઈ આચાર્ય તથા વડોદરાના નાફેસખાનની નિર્ણાયક સમિતિ દ્વારા તસ્વીરકારોને ઈનામો જાહેર કરવામાં આવ્યા હતા. ૧૩૬ પ્રદર્શન પાત્ર ફોટો પસંદ કરી હતી. રૂા. ૫૪૦૦૦ના ૧૬ ઈનામો જાહેર કરેલ હતા.

આ સ્પર્ધાના વિજેતા થયેલ પસંદગી પામેલ ૧૩૬ તસ્વીરકારોની તસવીરોનાં પ્રદર્શનનું ઉદ્‌ઘાટન આગામી તારીખે ૧૩મી સાંજે રવિશંકર કલા ભવન, લૉ ગાર્ડન, ભાઈકાકા ભવન પાસે, અમદાવાદ ખાતે રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિના સચિવશ્રી ભાગ્યેશભાઈ જ્હા (આઈ.એ.એસ.)ના વરદ હસ્તે કરવામાં આવશે. આ પ્રદર્શન તા. ૧૮મી જૂન સુધી જાહેર જનતા માટે ખુલ્લુ રહેશે.

# ડે-સ્કૂલોની ભરમાર વચ્ચે ગ્રામ્ય વિસ્તારોની માધ્યમિક શાળાઓ સતત તૂટી રહી છે

## વિવિધ ટ્રસ્ટો અને મંડળો દ્વારા સંચાલિત ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોની શાળાઓમાં હવે સંખ્યા થતી જ નથી : વિદ્યાર્થીઓ શહેરી શાળાઓ તરફ વળ્યા

ગાંધીનગર, તા.૫

ધો-૧૦ના પરિણામો બાદ ગાંધીનગર શહેરની ડે-સ્કૂલોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓના ટોળે ટોળા ઉમટી રહ્યા છે જયારે એક સમયે જેનો શિક્ષણ જગતમાં દબદબો હતો તે ગ્રામ્ય વિસ્તારની ટ્રસ્ટો દ્વારા સંચાલિત માધ્યમિક શાળાઓમાં માંડ એકાદ વર્ગ જેટલી સંખ્યા થાય છે. આ શાળાઓ તુટી રહી છે અને વિદ્યાર્થીઓનો ઝુકાવ શહેર તરફ વધી રહ્યો છે.

છેલ્લા દાયકામાં ગાંધીનગરના શિક્ષણ જગતમાં ખુબ ફેરફારો આવ્યા છે. ઈજનેરી કોલેજોની સંખ્યા વધતા વિજ્ઞાન શિક્ષણમાં વિદ્યાર્થીઓ ખૂબ રસ લઈ રહ્યા છે. વિજ્ઞાન પ્રવાહ તરફનું આકર્ષણ વધતા ગાંધીનગરમાં ડે સ્કૂલો શરૂ થવા લાગી હતી. આ વર્ષે આવી ડે સ્કૂલોની સંખ્યા ૧૧ પર પહોંચી છે. વિદ્યાર્થીઓને ટયુશનના ભારમાંથી મુકત કરી પરિણામલક્ષી શિક્ષણ આપતી સ્વનિર્ભર ડે સ્કૂલોએ વિદ્યાર્થીઓને આકર્ષિત કરવા વિવિધ પેકેજ અમલમાં મુકયા છે. આ શાળાઓના જબરજસ્ત માર્કેટીંગના કારણે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ ડે-સ્કૂલ તરફ વળ્યા છે. વાલીઓ પણ અમારું બાળક શહેરમાં ભણી રહ્યું છે તેનું ગૌરવ લેતા થયા છે. આ બધા વચ્ચે કફોડી હાલત ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાઓની થઈ છે.

ગાંધીનગરની આસપાસ આવેલા ગ્રામ્ય વિસ્તારો કોલવડા, વાવોલ, પેથાપુર, નારદીપુર, અડાલજ, સરઢવમાં વર્ષોથી માધ્યમિક શાળાઓ ખૂબ સફળતાપૂર્વક ચાલતી હતી. ગામના જ આગેવાનો દ્વારા બનાવાયેલા ટ્રસ્ટો સંચાલિત આ શાળાઓમાં અભ્યાસ કરવા માટે આસપાસના નાના-નાના, ગામના વિદ્યાર્થીઓ ખૂબ મોટી સંખ્યામાં આવતા અમુક શાળાઓ તો એવી હતી કે દર વર્ષે તેના કેટલાક વિદ્યાર્થીઓ બોર્ડમાં અચૂક નંબર લાવતા. ગામ માટે આ શાળા ગૌરવ ગણાતી. ડે સ્કૂલોએ ગ્રામ્ય વિસ્તારોમાં જઈ માર્કેટીંગ કરતા વિદ્યાર્થીઓએ ગામની શાળામાં અભ્યાસ કરવાના બદલે શહેરમાં જઈ અભ્યાસ કરવાનું પસંદ કરવા માંડયું. વળી આ સ્કૂલો ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પણ ઉપલબ્ધ કરાવતી હોવાથી વાલીઓ પણ તેમના બાળકોને આ ડે-સ્કૂલોમાં મોકલવા રાજી થયા છે બાળકોની જીદ આગળ ઝુકી જઈ ઘણા વાલીઓ માત્ર બાળકના અભ્યાસ માટે ગાંધીનગર આવીને વસી ગયા છે. શહેરની ડે-સ્કૂલો તરફ આકર્ષણ વધતા એક સમયે જેનું નામ હતું તે ગ્રામ્ય વિસ્તારોની માધ્યમિક શાળાઓ પતનના આરે આવીને ઉભી રહી ગઈ છે. એક જ ધોરણના પાંચ-પાંચ છ-છ વર્ગો જે શાળામાં ચાલતા ત્યાં એક વર્ગ જેટલી પૂરતી સંખ્યા કરવામાં સંચાલક મંડળને નાકે દમ આવી જાય છે. ઘણા શિક્ષકો ફાજલ પડયા છે તો ઘણા શિક્ષકો નોકરી છોડીને ચાલ્યા ગયા છે.

## યુથ કેમ્પસ - ધ્વનિલ પારેખ

gsrelation@yahoo.com


# જ્ઞાનને કોઈ સીમા નડતી નથી પણ...

હમણાં પરિણામ અને પ્રવેશની મૉસમ ચાલી રહી છે. એચએસસી અને એસએસસીના પરિણામો ધારવા કરતાં ઓછા આવ્યા છે અને એની ખાસ કરીને એચએસસી (સામાન્ય પ્રવાહ)ના પરિણાની અસર કૉલેજ ઉપર પડશે. આમ પણ હવે વિનયન અને વાણિજય વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓ પ્રવેશ માટે બહુ રસ દાખવતા નથી. એમાં પણ વિનયન વિદ્યાશાકાની પરિસ્થિતિ સમગ્રતયા નબળી બનતી જાય છે ત્યારે આવી વિદ્યાશાખા સામે મોટો પ્રશ્નાર્થ ઊભો થયો છે અને એને કારણે ભાષા જેવા વિષયો માટે પણ મોટો ખતરો ઊભો થયો છે. આમાં અંગ્રેજી ભાષા બાકાત છે એ જેટલું આશ્ચર્યજનક છે એટલું જ દુખદ પણ છે !

યુનિવર્સિટીઓની સ્થિતિ આવી છે ત્યારે યુજીસીનો હાલનો એક નિર્ણય પણ આશ્ચર્યજનક અને દુખદ છે. વિદેશની યુનિવર્સિટીઝ ભારતમાં પગપેસારો કરવા તત્પર છે ત્યારે એમને માટે લાલ જાજમ બિછાવવામાં કયું શાણપણ રહ્યું છે એ સમજાતું નથી. કારણ એવું આપવામાં આવે છે કે ભારતીય વિદ્યાર્થીઓ કેનેડા, ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા વગેરે પરદેશમાં અભ્યાસ કરવા જાય છે. આ વિદ્યાર્થીઓ ક્યારેય છેતરપિંડીના ભોગ પણ બને છે અને નાણાં ગુમાવે છે. સાથે સાથે પોતાના જીવનનો અમૂલ્ય સમય પણ ગુમાવે છે. આ પ્રકારે પરદેશની યુનિવર્સિટીઝમાં અભ્યાસાર્થે ગમન કરનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ખાસ્સી મોટી છે. આ સંખ્યાને ધ્યાનમાં રાખીને યુજીસીએ નિર્ણય કર્યો લાગે છે !

યુજીસીના નિર્ણય પ્રમાણે હવે ભારતીય યુનિવર્સિટીઝ વિદેશની યુનિવર્સિટીઝનાં અભ્યાસ કૅન્દ્રો પોતાની યુનિવર્સિટીમાં શરૂ કરી શકશે. આને કારણે ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કેનેડા જઈને ત્યાંની યુનિવર્સિટીઝમાં અભ્યાસ કરવાની મહેચ્છા ધરાવનાર વિદ્યાર્થીને ઘેરબેઠાં ત્યાંની યુનિવર્સિટીની પદવી પ્રાપ્ત થશે ! આને કહેવાય ઘેરબેઠાં ગંગાનું પુણ્ય પ્રાપ્ત કરવું ! (પછી ભલેને ગંગા ગમે તેટલી મલિન થાય, કોને પડી છે !) એક રીતે જોવા જઈએ તો આ નિર્ણય આવકારવો જોઈએ. ભારતીય વિદ્યાર્થીઓને ઘેરબેઠાં જો આવી તક મળતી હોય અને એ તક યુજીસી દ્વારા ઊભી થતી હોય તો એનું સ્વાગત થવું જોઈએ. પણ વાત એટલી સરળ નથી. આપણે વિદેશી યુનિવર્સિટીઝને આવકાર આપીને આપણી યુનિવર્સિટીઝ સામે જોખમ તો નથી ઊભું કરતા ને ?

વિદ્યાર્થીઓની માનસિકતાનો પણ આની પાછળ વિચાર કરવો જોઈએ. વિદ્યાર્થીને જ ેપોતાની નજીકની યુનિવર્સિટીમાં વિદેશી યુનિવર્સિટીનો અભ્યાસક્રમ ભણવા મળતો હોય તો સ્વાભાવિક છે કે એનું આકર્ષણ એ તરફ વધવાનું. આમ પણ વિદેશનું કંઈપણ હોય આપણે એ ઉત્તમ જ હશે એવું પહેલેથી માની લઈએ છીએ અને પછી એ મેળવવા માટે તલપાપડ બનીએ છીએ. આવું જ શિક્ષણ ક્ષેત્રે પણ છે. વિદેશની યુનિવર્સિટી છે એટલે આંખ બંધ કરીને માની લઈએ કે એ ઉત્તમ જ હશે અને પછી પ્રવેશ મેળવવા માટે ફાંફાં મારીએ છીએ. હવે, એ જ ગુણવત્તાનું શિક્ષણ અથવા તો એનાથી વધુ ગુણવત્તાવાળું શિક્ષણ ભારતની જ કોઈ યુનિવર્સિટી આપતી હોય તો આપણે મન એની કિંમત કૉડીની પણ રહેતી નથી. ભારતીય વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની આ માનસિકતા રહી છે અને એટલે



જ જો પરદેશની યુનિવર્સિટીઝનાં કેન્દ્રો આપણી યુનિવર્સિટીઝમાં ખૂલવા માંડશે તો સરવાળે ભોગવવાનું આપણી યુનિવર્સિટીઝને જ આવશે. (આમ પણ અત્યારે આપણી યુનિવર્સિટીઝ કંઈ ઓછું નથી ભોગવતી !)

જ્ઞાનને કોઈ સીમા નડતી નથી. એ પછી ગમે તે જગ્યાએથી મળે, એવી કોઈને દલીલ આ બધું વાંચ્યા પછી સૂઝે પણ ખરી. વાત સાચી છે પણ આપણી સીમાઓને ઓળંગીને એના વિશે વિચાર કરવો રહ્યો. પરદેશની યુનિવર્સિટીઝ તો ટાંપીને બેઠી છે કે ક્યારે ભારતીય શિક્ષણ ક્ષેત્રે એમનો પ્રવેશ થાય. શિક્ષણના વ્યાપારીકરણનો જ આ એક ભાગ છે. વિકસિત દેશો માટે ભારત જેમ એક મોટું બજાર તમામ ક્ષેત્રો માટે છે એમ શિક્ષણ પણ એક ક્ષેત્ર છે. એટલે એ ક્ષેત્રમાં એમને જો પ્રવેશની તક મળી જાય પછી તો પૂછવું જ શું ? જેમ આપણે ત્યાં બનેલાં વસ્ત્રો વિદેશી માર્કા સાથે પાછા આપણને જ બમણા ભાવે વેચવામાં આવે છે, એવું હવે શિક્ષણક્ષેત્રે થાય તો નવાઈ નહીં !

# આજે સદીની વિરલ ખગોળીય ઘટના - શુક્ર સંક્રમણ : સાવધાની વર્તવાનો પ્રસંગ

આજે થઈ રહેલા શુક્ર સંક્રમણને જોવા અનેક લોકોમાં અસીમ ઉત્સાહ જોવામાં આવી રહ્યો છે ત્યારે ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટૅકનોલૉજી દ્વારા આ સંક્રમણને જોવા માટે રાખવી પડતી સાવધાનીઓ પ્રત્યે ધ્યાન દોરવામાં આવ્યું છે, જેથી ઉત્સાહ નુકસાનમાં ન પરિણમે અને આંખો સલામત રહે.

સંક્રમણ એટલે ગ્રહનું સૂર્યની સામેથી પસાર થવું, જે ખૂબ જ ઓછી બનતી ઘટના છે. પૃથ્વીની નજીકનો પાડોશી ગ્રહ શુક્ર કે જે અત્યારે રાત્રીના આકાશમાં ગુરૂથી ચૉક્કસ રેખામાં છે તેનો રસ્તો સૂર્ય તકતી સામેથી ૬ જૂનના રોજ પસાર થવાનો છે અને તેથી જ તે વિજ્ઞાન જગતમાં સમાચારમાં સ્થાન પામી રહ્યો છે. ખગોળશાસ્ત્રીઓને આશા છે કે સંક્રમણનો અભ્યાસ તેને દૂર આવેલા તારાઓની કક્ષાઓનાં અંતરોના અભ્યાસ માટે અગત્યની એવી ચાવીરૂપ માહિતી પૂરી પાડશે.


શુક્ર સંક્રમણ જવલ્લે જ બનતી ઘટના છે, તેને કોણ જતી કરે ? પરંતુ આ સંક્રમણ જોવા માટે સલામત રીતો અનુસરવી જોઈએ. સલામત રીતે શુક્ર સંક્રમણ જોઈ શકાય છે, પરંતુ તે માટે જુદા જુદા ઉપાયો અજમાવવા અને યોગ્ય સૌર ફિલ્ટરનો ઉપયોગ કરવો. નિષ્ણાતો દ્વારા ભલામણ કરવામાં આવેલી કોઈપણ રીતથી સંક્રમણ જોઈ શકાય છે, પરંતુ એકીટસે સતત સૂર્યને જોવો એ હિતાવહ નથી. વચ્ચે વચ્ચે વિરામ લેવો જ જોઈએ, આંખોને આરામ આપવો જ જોઈએ. સૂર્ય સામે જોતાં સનગ્લાસનો ઉપયોગ અવશ્ય કરવો નહીં તો સૂર્ય સામે આંખોની સલામતી જળવાશે નહીં.

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સમાજના સભ્યો, વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે પ્રવૃત્તિઓની હારમાળાઓ અને શુક્ર સંક્રમણ અંગેનું સાહિત્ય રચના કરી વિકસાવેલ છે. દેશભરમાં અદ્વિતિય ખગોળીય ઘટના અને ખગોળશાસ્ત્રને પ્રસિધ્ધિ આપવા ગુજરાત સાયન્સ સિટીના સહયોગથી વિજ્ઞાન પ્રસારે એક પ્રવૃત્તિ કીટ (સામગ્રી) તૈયાર કરી હજારો વિજ્ઞાન ક્લબો અને સામાન્ય માણસો દ્વારા દેશભરમાં ઝૂંબેશ ચલાવવામાં આવી છે. આ ઘટનાને નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, ૬૧/૧, ‘ઘ’ ટાઈપ, સેકટર-૨૩, અને શ્રી અરવિંદ કૅન્દ્ર, સૅક્ટર-૨૩ ગાંધીનગર ખાતે સવારે ૭ થી ૧૦ દરમિયાન ટેલિસ્કોપથી દેખાડવામાં આવશે, જે કોઈપણ વ્યક્તિ નિહાળી શકે છે.

૬ જૂન, ૨૦૧૨ એ આપણા માટે શુક્ર સાથે મળવાનો દિવસ છે. બીજું સંક્રમણ લાંબા સમયગાળા બાદ એટલે કે ૧૦૫.૫ વર્ષ બાદ રચાશે. મતલબ કે આ એક ઐતિહાસિક વૈજ્ઞાનિક ઘટના છે કે જેની મદદથી પૃથ્વીથી સૂર્યનું અંતર અને સાથે સાથે સૂર્યથી બીજા ગ્રહોનું અંતર માપી શકાય છે.

આ ઘટના વિજ્ઞાન પ્રચારકો, સંચારકો માટે ખગોળશાસ્ત્રને લોકપ્રિય બનાવવા માટેની મોટી તક છે અને ખગોળીય ઘટના સાથે સંકળાયેલ ગેરમાન્યતાઓ, વહેમ અને અંધશ્રધ્ધાઓને પડકાર કરી શકાય છે. આ સંક્રમણ અગત્યનું છે કારણ કે તે આપણા જીવનમાં છેલ્લી વખતની ગ્રહો અને શુક્રની લાક્ષણિકતા અંગેની માહિતી મેળવવાની તક છે.

૬ જૂન, ૨૦૧૨ના રોજ વહેલી સવારે સૂર્યની સામેથી શુક્ર ગ્રહને પસાર થતો જોઈ શકાશે અને હા, આ ઘટના ફરી ૨૧૧૭ સુધી થવાની નથી. સૌ કોઈ આ ભવ્ય ખગોળીય ઘટનાનો ભાગ બને અને તે સમયે જરૂરી સાવધાની પણ વર્તે એવી આશા ગુજકોસ્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.



પ્રસંગસર

### શુક્ર ૩ મિમી વ્યાસના ટપકારૂપે દેખાશે

ભારત જન વિજ્ઞાન જાથાએ પણ ચેતવણી ઉચ્ચારી છે કે શુક્રના સંક્રમણનો નજારો નરી આંખે જોવો અતિ જોખમી છે. આ માટે યોગ્ય વિજ્ઞાન ઉપકરણોનો જ ઉપયોગ કરવાની અને ઘટનાને સળંગ ન જોતાં, તૂટક-તૂટક સ્વરૂપે જોવાની સલાહ તેણે આપી છે.

જાથાના ચૅરમેન જયંત પંડ્યા જણાવે છે કે બુધવારે સૂર્યોદયના પ્રારંભથી અવકાશી ઘટના શરૂ થઈ ગઈ હશે. શુક્ર સૂર્ય અને પૃથ્વી વચ્ચેથી પસાર થવાનો છે. તે દરમ્યાન સૂર્યની સપાટી પર કાળા ટપકા - બિન્દુ સ્વરૂપે શુક્ર જોવા મળશે. સૂર્યની દક્ષિણ તરફના ભાગેથી પસાર થતો શુક્ર ૩ મિમી વ્યાસના ટપકારૂપે દેખાશે. ભારતમાં શુક્રનો સૂર્ય બિંબમાં પ્રવેશ સવારે ૬ કલાકે ને ૩૯ મિનિટે થશે ને ૧૦.૨૦ કલાકે તે સૂર્ય બિંબમાંથી નીકળી જશે.

### સૂર્યની જમણી તરફ નીચે શુક્ર દેખાશે

અભ્યાસુ ગૌતમભાઈ આચાર્ય જણાવે છે કે, આજે સવારે જ્યારે સૂર્ય ઊગશે ત્યારે તેના કેન્દ્રની જમણી તરફ નીચે શુક્રનું કાળું ટપકું દેખાશે, જે ધીમે ધીમે સૂર્યબિંબની ઉપરની કિનારી તરફ સરકતું જશે, જે ૧૦.૨૦ કલાકે સૂર્ય બિંબ પરથી દૂર થઈ જશે.

જોકે, મોટાભાગની ટૅલીવિઝન ચૅનલો તો ભારતમાં સૂર્યોદય થાય ત્યાર પહેલાથી જ સંક્રમણનું લાઈવ ટૅલિકાસ્ટ શરૂ કરી દેશે, તેથી ઘરમાં બેઠાં બેઠાં પૂરેપૂરું સંક્રમણ જોઈ શકાશે. પરંતુ, પ્રત્યક્ષ જોવાનો આનંદ અનેરો છે.

અલબત્ત, તેમણે ચેતવણી પણ ઉચ્ચારી છે કે અયોગ્ય સનફિલ્ટરની નરી આંખે કે દૂરબીન જેવા કોઈ સાધન દ્વારા સૂર્યને જોવાનો પ્રયત્ન ન કરવો. એમ કરવાથી આંખના પડદાને નુકસાન થશે, માટે સાવચેતી રાખવી અત્યંત જરૂરી છે.